# શ્રી રામાનુજાચાર્યનો બ્રહ્મવિચાર

પ્રો. ડૉ. હેમંત વૈષ્ણવ
અધ્યાપક
સમર્પણ આર્ટસ અને કોમર્સ કૉલેજ,ગાંધીનગર.

દર્શન શબ્દ दृशि ( दृशिर् प्रेक्षणे ) ધાતુને ल्युट् પ્રત્યય લાગવાથી બન્યો છે. જેનો અર્થ 'જોવું' એવો થાય છે. દર્શન શબ્દનો વ્યુત્પત્તિજન્ય અર્થ दृश्यते अनेन इति दर्शनम् (જેના દ્વારા જોવાય છે તે દર્શન.) કરવામાં આવે છે.

જ્યારથી માનવ જીવન અસ્તિત્વમાં આવ્યું છે ત્યારથી દાર્શનિક ચિંતનનો પ્રવાહ સતત વહેતો રહ્યો છે. જેનું સર્વપ્રથમ દર્શન આપણને વેદમાં થાય છે. અનેક ઋષિમુનીઓ, આચાર્યો, ચિંતકો, વ્યાખ્યાકારો, ભાષ્યકારોએ આ પ્રવાહને સતત પુષ્ટ કર્યો છે. દાર્શનિક ચિંતન પાછળનો મુખ્ય હેતુ માનવજીવન સાથે સંકળાયેલા કેટલાંક સનાતન પ્રશ્નોમાંથી ઉદ્ભવ્યો છે. હું કોણ છું ? આ જગત શું છે ? જગતની દરેક પ્રવૃત્તિ પાછાળ નિયામક તત્વ કયું ? દુઃખ શું છે ? તે ક્યાંથી આવ્યું ? ઈશ્વર શું છે ? જેવા ગુઢ પ્રશ્નોના ઉત્તરની જિજ્ઞાસાથી આ દાર્શનિક ચિંતનનો પ્રવાહ આરંભાયો છે.

માનવોનો મુખ્ય આશય ત્રિવિધ દુઃખમાંથી મુક્તિ મેળવવાનો હતો. આ માટેના લૌકિક ઉપાયો નિષ્ફળ જતા માનવ શરૂઆતનાં તબક્કામાં યજ્ઞયાગાદિ ક્રિયા દ્વારા દુઃખમાંથી આત્યંતિક નિવૃત્તિ મળવવાના પ્રયત્નો કર્યા, પણ, કર્મકાંડ પણ જ્યારે દુઃખની આત્યંતિક નિવૃત્તિ ના કરી શક્યા ત્યારે માનવ જ્ઞાનકાંડ તરફ વળ્યો.

જ્ઞાનના માધ્યમથી માનવે દુઃખની સંપૂર્ણ મુક્તિનો માર્ગ શોધી કાઢ્યો અને એમ પ્રસ્થાપિત કર્યું કે જન્મ મરણની ઘટમાળમાંથી વછૂટી જવાય તો દુઃખ નિવૃત્ત થાય. આમાંથી મોક્ષનો વિચાર ઉદ્ભવ્યો. આ મોક્ષ કેવી રીતે પ્રાપ્ત થાય તે સમજાવવા માટે જીવ, જગત અને ઈશ્વરનો સિધ્ધાંત આકાર લેવા લાગ્યો. વિવિધ આચાર્યોએ પોતાના મત અને સિદ્ધાંતો દ્વારા મોક્ષ પ્રાપ્તિ સુધીના વિવિધ રસ્તાઓ બતાવ્યા. જે આગળ જતાં વિવિધ દર્શનોના નામે પ્રસિદ્ધ થયા.

ભારતીય દર્શનોમાં વેદાન્તા દર્શન તેના તત્વજ્ઞાનની ગહનતા, લોકજીવન સાથેનું તાદાત્મ્ય તથા વિવિધ શાસ્ત્રો સાથેના અનુબંધને કારણે મુખ્ય દર્શન તરીકે સ્થાન પ્રાપ્ત કરે છે. વેદાન્ત દર્શનમાં શંકરાચાર્યથી પણ પહેલા વિવિધ સંપ્રદાયો અસ્તિત્વમાં આવ્યા છે. આ સંપ્રદાયોમાં શકારાચાર્ય અને શ્રી રામાનુજાચાર્યનાં મત સૌથી વધુ પ્રચલિત છે.

શંકરાચાર્યે જે તત્વજ્ઞાન રજુ કર્યું તેમાં બ્રહ્મૈક્યવાદની સથાપના કરી છે. એટલે કે એકમાત્ર બ્રહ્મ જ સત્ય છે બાકી બધું જ મિથ્યા છે. જીવ પોતે જ બ્રહ્મ છે પરંતુ, માયાનાં આવરણ રૂપ અજ્ઞાનથી આવૃત્ત થયેલ હોવાથી જીવને પોતાના સત્ય સ્વરૂપની જાણ થતી નથી. આ અજ્ઞાન દુર કરવા માટે જીવને યથાર્થ સ્વરૂપે જાણવો અને તે દ્વારા જીવ પોતે જ બ્રહ્મ છે તેનું જ્ઞાન થતાં જીવ બ્રહ્મ સ્વરૂપ બની જાય છે. ઉપનિષદોમાં પણ अहं ब्रह्मास्मि | जीवो ब्रह्मैव नापरः | तत्वमसि |

જેવા વાક્યો દ્વારા જીવ અને બ્રહ્મનું ઐક્ય સ્થાપિત કર્યું છે. શંકરાચાર્યનું આ બ્રહ્મ નિર્ગુણ, નિરાકાર, નીરવાયાવ છે. બ્રહ્મમાંથી જ જગત ઉત્પન્ન થયું હોવા છતાં જગત મિથ્યા છે. જગત સત્ય એવા બ્રહ્મનું વિવર્ત છે. શાનાકારાચાર્યનો જીવ, જગત અને ઈશ્વર અંગેનો આ ખ્યાલ કેવલાદ્વૈતનાં નામથી પ્રસિદ્ધ છે.

શંકરાચાર્ય પછી બારમી સદીમાં થઇ ગયેલા શ્રીરામાનુજાચાર્યને શંકરાચાર્યનો આ નિર્ગુણવાદ માન્ય ન હતો. શ્રી રામાનુજાચાર્યનું ભક્તિથી પલ્લવિત થયેલું હૃદય શંકરાચાર્યના આ મતથી સંતુષ્ટ થાય નહિ. તેઓ કોઈક એવા તત્વની શોધમાં હતા કે જે બધા દોષો વગરનું હોય, બધા ઉત્તમ ગુણોનું આશ્રયસ્થાન હોય અને સાથે સાથે સર્વજન સુલભ હોય. શ્રી રામાનુજાચાર્યની આ ખોજ ભગવાન વિષ્ણુમાં આવીને સમાઈ જાય છે. શ્રીરામાનુજાચાર્યના માટે ભગવાન વિષ્ણુ જ પરમાત્મા અને પરબ્રહ્મ છે. આ પરબ્રહ્મને વિશિષ્ટાદ્વૈત સંપ્રદાયમાં ક્યાંક વાસુદેવ તો ક્યાંક નારાયણ તરીકે સંબોધવામાં આવે છે. તે પરમાત્મા આ સચરાચર જગતમાં વ્યાપીને રહેલ છે.

શ્રી રામાનુજાચાર્યે શંકરાચાર્યના નિર્ગુણ બ્રહ્મવાદની સામે સગુણ બ્રહ્મવાદની સ્થાપના કરી છે. સ્વ મતના સ્થાપન માટે તેમણે બ્રહ્મસૂત્ર પર ભાષ્યની રચના કરી જે ‘શ્રીભાષ્ય’ તરીકે પ્રસિદ્ધ છે. આ ઉપરાંત તેમણે ‘વેદાંતદીપ’, શ્રીમદ્ભગવદ્ગીતા ભાષ્ય’ વગેરે ગ્રંથોની પણ રચના કરીને પોતાના તત્વજ્ઞાનની ઊંડાણથી ચર્ચા કરી છે. આ ઉપરાંત ‘શ્રીરંગગદ્ય’, ‘શરણાગતિગદ્ય’ અને ‘વૈકુંઠગદ્ય’ની પણ રચના કરી છે. જેમાં ટીમનું ભક્ત હૃદય દ્રષ્ટિમાન થાય છે. તેમણે વિષ્ણુ મંદિરોમાં પૂજાપાઠનું વિધાન કરતો ગ્રંથ ‘નિત્યગ્રંથ’ ની રચના કરી છે. વિશિષ્ટાદ્વૈત સિધ્ધાંત ચિત, અચિત અને ઈશ્વર એ ત્રણ તત્વોને માન્ય રાખે છે. ચિત એટલે જીવ, અચિત એટલે જગત અને ઈશ્વર એટલે બ્રહ્મ. શ્રીરામાનુજાચાર્યના મતે બ્રહ્મ સત્ય છે અને સાથે સાથે જીવ અને જગત પણ સત્ય છે. આ બ્રહ્મમાંથી જીવ અને જગતની ઉત્પતી થઈ છે. ચિત તત્વ અચિત તત્વમાં આત્મા રૂપે રહેલ છે. અને બ્રહ્મ તત્વ આ ચિદચિદતત્વમાં આત્મા રૂપે રહેલ છે. જીવ અને જગત બ્રહ્મનું શરીર છે અને બ્રહ્મ આત્મા છે. તેવી જ રીતે ચિત (જીવ) અચિતમાં (શરીર) આત્મા રૂપે રહેલ છે. તેથી અચિત એવું જગત આત્માનું શરીર છે આ રીતે બ્રહ્મ અને જીવ તથા જગત વચ્ચે શરીર-શરીરિભાવ સંબંધ રહેલો છે. જીવ અને જગત બ્રહ્મમાંથી સર્જાયા હોવાથી તે બ્રહ્મનો અંશ પણ છે. તેથી તે બંને વચ્ચે અંશ-અંશીભાવ સંબંધ રહેલો છે. બ્રહ્મ સત્ય હોવાના કારણે તેમાંથી સર્જાયેલ જીવ અને જગત પણ સત્ય છે. આ રીતે જીવ, જગત અને ઈશ્વર એ ત્રણેય તત્વો સત્યસ્વરૂપ છે. આ ત્રણેય તત્વો વચ્ચે અપૃથક્સિદ્ધ વિશિષ્ટ સંબંધ રહેલો છે. જીવ અને જગત બ્રહ્મનાં આશ્રય વગર રહી શકતા નથી. તેથી તેમની વચ્ચે દ્રવ્ય અને ગુઅન જેવો સંબંધ છે. છતાં આ ત્રાણે તત્વો એકબીજાથી ભિન્ન છે. જીવ અને જગત સુખ, દુઃખ અને મોહ વગેરે વિષયોથી ઘેરાયેલ છે. પણ, બ્રહ્મને આ બધા વિષયો સ્પર્શી શકતા નથી. કારણ કે બ્રહ્મ સમગ્ર હેય તત્વોથી રહિત છે. તેનામાં કોઈ દોષ સંભવતો નથી. આ રીતે બ્રહ્મ જીવ અને જગતથી ભિન્ન છે. વળી, જીવ અજ્ઞાનથી ઘેરાય છે તેથી પ્રકૃતિના કાર્યોને પોતાના માની પોતાને ભોક્તા - કર્તા માને છે. બ્રહ્મ અને જીવ બંને ચેતન તત્વો હોવાથી તે બંનેમાં જ્ઞાન શક્તિ રહેલી છે. છતાં જીવ પ્રકૃતિમાં અજ્ઞાનને કારણે ભોક્તા અને કર્તાનાં ભાવને અનુભવે છે. જ્યારે બ્રહ્મ પોતાની શક્તિથી જીવ અને જગતનું સર્જન, પોષણ અને સંહાર કરે છે, તેનું નિયમન કરે છે. પ્રકૃતિ તો સ્વયં જડ હોવાના કારણે આ બંનેથી ભિન્ન છે આ ત્રણેય તત્વો ભિન્ન હોવા છતાં તેમની વચ્ચે ઐક્ય રહેલું છે. વેદાંતદીપમાં આ ત્રણેય તત્વોની ભિન્નતા બતાવતા કહ્યું છે કે “अचिद्वस्तुनः स्वरूपतः स्वभावतश्चात्यन्त विलक्षणः तदात्मभूतश्चेतनः प्रत्यगात्मा | तस्माद् बद्धान्मुक्तानित्याश्च निखिलहेय प्रत्यनीकतया कल्याणगुणगणैकतया च सर्वावस्थाचिदचिद् व्यापकतया धारकतया नियन्तृतया शेषितया च अत्यन्तविलक्षणः परमात्मा |” (ભૂમિકા - વેદાંતદીપ) અચિત તત્વમાં રહેનાર જીવ પોતાના સ્વભાવ અને સ્વરુપથી

અચિત તત્વથી વિલક્ષણ છે. આ જીવ ત્રણ પ્રકારના છે. બદ્ધ, મુક્ત અને નિત્ય. આ જીવ અને જગતમાં રહેનાર પરમાત્મા જીવોનો આત્મા છે. તે પરમાત્મા સમગ્ર તાજ્યગુણો વગરનો, એકમાત્ર સમગ્ર કલ્યાણગુણોનો ભંડાર, સમગ્ર જર અને અજડ બ્રહ્માંડમાં વ્યાપીને રહેનાર, બ્રહ્માંડને ધારણ કરનાર, નિયમન કરનાર અને શેષી (અંગી) પણે રહેનાર હોવાને કારણે જીવાત્મા અને જગતથી ભિન્ન છે. છતાં તે બધા વચ્ચે વિશિષ્ટ સંબંધ રહેલો છે. શ્રી રામાનુજાચાર્યનાં આ તત્વત્રયના ખ્યાલને વિશિષ્ટાદ્વૈત તરીકે ઓળખવામાં આવે છે. આ ત્રણેય તત્વો સત્ય છે. જીવ અને જગત બ્રહ્મમાં જ સમાયેલું છે. બ્રહ્મ જ આ ચરાચર જગતમાં વ્યાપીને રહેલ છે. તેથી ત્રણે તત્વો એક જ છે. આ તત્વત્રય વચ્ચે રહેલા ઐક્યને કારણે આ વાદ વિશિષ્ટાદ્વૈત તરીકે પ્રસિદ્ધ થયો છે.

બ્રહ્મનું સ્વરૂપ: ब्रह्म શબ્દ भ्वादि ગણના ब्रुह वृद्धौ તથા ब्रुहि वृद्धौ ધાતુને मनिन् પ્રત્યાય લાગવાથી બન્યો છે. તેથી બ્રહ્મનો વ્યુત્પત્તિજન્ય અર્થ बृहत्वाद् बृंहणत्वाद् ब्रह्मः એમ થાય છે. જેનો અર્થ 'વિકાસ પામવું', 'વૃદ્ધિ થવી' એવો થાય છે. તેથી ઈશ્વર વિશ્વના વિવિધ પદાર્થો રૂપે વૃદ્ધિ અને વિકાસ પામતો હોવાથી બ્રહ્મ કહેવાય છે.

શ્રી રામાનુજાચાર્યે શ્રીભાષ્યમાં પ્રથમ સુત્ર પરના ભાષ્યમાં બ્રહ્મ શબ્દ સમજાવતા લખ્યું છે કે "सर्वत्र बृहत्वयोगेन हि ब्रह्मशब्दः | बृहत्वं च स्वरुपेण गुणैश्च यत्रानवधिकतिशय सोऽस्य मुख्योऽर्थः | અહી દર્શાવ્યા પ્રમાણે બ્રહ્મ સર્વત્ર બૃહત્ રૂપે રહેલું છે. વળી બ્રહ્મમાં નીરવાધી અતિશય ગુણો રહેલા છે. આ અતિશય ગુણો તેનું સ્વરૂપ છે. સમગ્ર જગતમાં વ્યાપીને રહેલ હોવાથી બ્રહ્મ બૃહત્ છે. વિશિષ્ટાદ્વૈતમાં બ્રહ્મ પોતે જ પુરુષોત્તમ નારાયણ છે. શ્રીભાષ્યમાં શ્રી રામાનુજાચાર્યે લખ્યું છે કે "ब्रह्म शब्देन च स्वभावतो निरस्तनिखिलदोषोऽनवधिकतिशय असङ्ख्येयकल्याणगुणगणः पुरुषोत्तमोऽभिधियते |" (શ્રીભાષ્ય-૧-૧-૧).

રામાનુજ સંપ્રદાયના પ્રસિદ્ધ આચાર્ય વેદાંતદેશિકે શ્રીભાષ્ય પરની તેમની ટીકા શ્રુતપ્રકાશિકામાં આ શબ્દો પરની ટીકામાં લખ્યું છે કે "ब्रह्मशब्दस्य प्रधानाद्यर्वाचिनार्थान्तरेषु प्रयोगदर्शनाम् | इतरव्याख्यातृभिरिश्वरातिरिक्त वस्तुपरत्वेन व्याख्यातात्वाद् देवतान्तरपरत्त्वस्य केचिदभ्युपगमाच्च तद् व्यावृत्त्यिर्थं ब्रह्मशब्देन अभिधीयते |"

રામાનુજ પરમાંપારામાં થઇ ગયેલા આચાર્ય લોકાચાર્ય ઈશ્વરનું સ્વરૂપ વર્ણવતા લખે છે કે "ઈશ્વર સમગ્ર ત્યાજ્ય ગુણોથી રહિત છે. માત્ર આનંદ સ્વરૂપ, અનંત, જ્ઞાનશક્તિથી યુક્ત, કલ્યાણ ગુણોથી શોભાયમાન, સમગ્ર જગતના સર્જક, પાલક, સંહારક તેમજ પ્રલયના સંયોજક, ચતુર્વર્ગફલ પ્રાપ્ત કરાવનાર વિશિષ્ટ શરીરવાળા છે."

ન્યાયસિદ્ધાંજનમાં ઈશ્વર સંબંધી ચર્ચા કરતા વેદાંતદેશિક ઈશ્વરના લક્ષણો વર્ણવે છે. "सर्वेश्वरत्वं व्यापकत्वे सति चेतनत्वं सर्वशेषित्वं पूर्वकर्मसमाराध्यत्वं सर्वफ़लप्रदत्वं स्वज्ञानस्वेतर समस्त द्रव्य शरीरक्त्वं स्वतः सत्यसंकल्पत्वादिकं वेश्वर लक्षणम् |" (ન્યાયસિદ્ધાંજન - ઈશ્વર પરિચ્છેદ) આ ઈશ્વર સમગ્ર જડ ચેતનનો સ્વામી અને પાલક છે. જીવ અને જડાત્મક જગત તેના શરીર છે તે બધામાં આત્મા રૂપે રહીને તેમનું નિયમન કરે છે. બ્રહ્મ એ જ ઈશ્વર છે અને તે વિભુ પરિમાણ વાળો છે. પૃથ્વી, જળ, તેજ, વાયુ વગેરે પદાર્થો બ્રહ્મથી વ્યાપ્ત છે. જીવાત્મા પણ બ્રહ્મથી વ્યાપ્ત છે. બ્રહ્મ આ બધા પદાર્થોમાં વ્યાપીને રહેલું છે. જીવાત્મા કર્મોની બાબતમાં સ્વતંત્ર હોવા છતાં બ્રહ્મ તેનું નિયામક છે. જીવાત્મા અજ્ઞાનવશ ફળોના ભોકતા કર્તા બનીને સુખ દુઃખ અનુભવે છે પરંતુ, આત્મા રૂપે રહેલ

પરમાત્મામાં આ દોષો કે વિકાર ઉદ્ભવતા નથી. જીવાત્માને જાગૃતિ, સુષુપ્તિને જે અનુભવ થાય છે તે ઈશ્વરને થતો નથી તેથી તે પ્રકૃતિથી બંધાતો નથી.

શ્રી રામાનુજાચાર્ય જીવ અનેર જગતને પરમાત્માના વિશેષણ માને છે. અને ઈશ્વરને વિશેષ્ય માને છે. વિશેષણ અને વિશેષ્ય અલગ અલગ તત્વ હોય તેમ જીવ અને જગત પણ ઈશ્વરથી અલગ છે છતાં, વિશેષણ વિશેષ્યમાં જ રહેલું હોય તેમ જીવ અને જગત પણ ઈશ્વરથી અલગ હોવા છતાં ઈશ્વરમાં રહેલા છે. સર્વદર્શનસંગ્રહનાં રચયિતા માધવાચાર્ય શ્રીરામાનુજાચાર્યના આ ત્રણે તત્વો વચ્ચેના સંબંધને સમજાવતા કહે છે કે " બ્રહ્મ સંપૂર્ણ જગતને સમગ્ર રીતે પોતાનું શરીર બનાવીને રહેલું હોવાથી તેમની વચ્ચે અભેદ છે. એક જ બ્રહ્મ વિવિધ પ્રકારના ચિત-અચિત પદાર્થોને કારણે વિવિધ રૂપે રહેલ છે તેથી ભેદાભેદ છે અને ચિદચિદ કરતા ઈશ્વર પોતાના સ્વરૂપ અને સ્વભાવને કારનેવીલક્ષણ હોવાથી તેમની વચ્ચે ભેદ રહેલો છે." સર્વદર્શનસંગ્રહકારનાં આ વિવરણથી શ્રી રામાનુજાચાર્યનાં આ ત્રણે તત્વો વચ્ચે રહેલ વિશિષ્ટ અદ્વૈત સારી રીતે સમજી શકાય છે.

પરમાત્મા અને જીવાત્મા બંને ચેતન તત્વ છે. પરંતુ, જીવ અણુ પરિમાણ છે અલ્પજ્ઞ છે, ભોક્તા અને કર્તા છે, નિત્ય છે પરંતુ પરમાત્મા વિભુ પરિમાણ છે, સર્વજ્ઞ - સર્વશક્તિમાન છે, નિયંત - દૃષ્ટા છે, સુખ, દુઃખ અને મોહથી પર છે. પરમાત્મા જ્ઞાનશક્તિયુક્ત છે. જીવ અને પરમાત્મા વચ્ચેનો ભેદ દર્શાવતા સર્વદર્શનસંગ્રહમાં કહ્યું છે કે "चिच्छब्दवाच्या जीवात्मनः परमात्मनः सकाशाद् भिन्न नित्याश्च | ચિત શબ્દ દ્વારા નીર્દેશાયેલ જીવાત્મા પરમાત્માથી જુદો છે અને નિત્ય છે. જીવ અને જગતનો સંબંધ દર્શાવતા શ્વેતાશ્વતર ઉપનિષદમાં બે પક્ષીઓનાં પ્રતિક દ્વારા સમજાવ્યો છે.

द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते |
तयोरन्यः पिप्पलं स्वाद्वत्ति अनश्नन्नन्योऽभिचाकशीति || ૪-૬

સંસાર રૂપી વૃક્ષ પર અથવા શરીર રૂપી વૃક્ષમાં બેઠેલા બે પક્ષીમાંથી એક પક્ષી તે વૃક્ષના મીઠા ફળનો ઉપભોગ કરે છે, જ્યારે બીજું પક્ષી ફળ ભોગવ્યા વગર માત્ર ટગર ટગર જોયા કરે છે. આમાં સંસાર કે શરીર દ્વારા પ્રાપ્ત ફળ ભોગવનાર જીવ છે અને કર્મ બંધનમાં પડીને સુખ-દુઃખનો ઉપભોગ કરે છે. જ્યારે પરમાત્મા તે પક્ષીના કર્મોને જુએ છે અને તે જીવને કર્મો પ્રમાણે ફળ પ્રાપ્ત કરાવે છે. પરમાત્મા સંસારના ફળ ભોગવતો નથી પણ સાક્ષી ભાવે માત્ર જોયા કરે છે અને એ રીતે સંસાર ચલાવે છે. ઉપરોક્ત મંત્રનો ભાવાર્થ શ્રીભાષ્યમાં સ્પષ્ટ કરવામાં આવ્યો છે. अपि चैके शाखिन एकस्मिन्नेव देह संयोग बोधस्यापुरुषार्थे परस्यतु तद् भावम् अधीयते | અહી બંને તત્વા એક જ શરીરના સંબંધથી રહ્યા હોવા છતાં એક ભોક્તા છે જ્યારે બીજું માત્ર દૃષ્ટા અને નિયામક છે. વેદાંતદીપમા વર્ણવ્યા પ્રમાણે જીવ અને પરબ્રહ્મ એક જ શરીરમાં રહેલા હોવા છતાં જીવને દોષ લાગે છે અને ઈસ્વ્લ્વાર તેનાથી વિપરીત છે. (यदिदं जिवपरयोरेकस्मिन् शारीरित्वेनावस्थितयोर्दोषसंबन्धित्त्वं तद्विपरितत्त्वं चोक्तम् ३-२-१३).

જીવ વિવિધ નામ અને રૂપવાળા પદાર્થોમાં આત્મા રૂપે રહે છે અને શરીર જ કર્મવશતાનું કારણ બને છે. શરીરપણું બ્રહ્મને પણ સમાન રીતે છે. પરંતુ, શરીર રૂપ આત્મા કર્મબંધનથી બંધાય છે તેમ પરમાત્મા પણ કર્મબંધનથી બંધાવો જોઈએ. પરંતુ, ઈશ્વર જીવાત્મામાં પરમાત્મા રૂપે રહેલ છે. તેથી જીવાત્માના દોષ પરમાત્માને લાગતા નથી. વેદાન્તદીપમાં બતાવ્યા મુજબ પરમાત્મા જીવાત્માથી જુદો છે. (मनुष्यादि शरीरेषु शरीरित्वेऽपि अरुपवदेव हि तत्परं ब्रह्मः ३-२-१४) આમ પરમાત્મા નિયંતા છે અચિદ્વસ્તુ ભોગ્ય છે અને ચિદ્વસ્તુ ભોક્તા છે.

બ્રહ્મ ચિદચિદાત્મક પ્રપંચનું ઉપાદાન અને નિમિત્ત કારણ છે. પરમાત્મા દ્વારા જ સૃષ્ટિ સર્જન અને સંહાર થાય છે. (निमित्तकारणमात्रं ब्रह्म उपादानकारणं च ब्रह्मैव | - श्रीभाष्यः - ૧-૪-૨) ઈશ્વર સૃષ્ટીનાં સર્જક છે તે દર્શાવતા શ્રીમદ્ભગવદ્ગીતા પરના ભાષ્યમાં શ્રી રામાનુજાચાર્ય લખે છે કે मदीया प्रकृतिः सत्यसंकल्पेन मयाध्यक्षेणेक्षिता सचराचरं जगत् | શ્રીભાષ્યમાં પણ पुरुषोत्तमः कृत्स्नं जगत् संकल्पमात्रेण सृजति (૨-૧-૧૫) કહે છે. બ્રહ્મનો સંકલ્પ જ જગત કાર્યનું નિમિત્તકારણ બને છે શ્રુતિઓમા एकोऽहं बहुस्याम એવા વચનો છે તે શ્રુષ્ટિ રચવામાં ઈશ્વરનો બહુભુવન થવાનો સંકલ્પ દર્શાવે છે. આ સત્ય સંકલ્પ ગુણથી યુક્ત ઈશ્વર સૃષ્ટિસર્જનમાં નિમિત્તકારણ બને છે. વળી, આ બ્રહ્મ જ કાર્ય એવા પ્રપંચનું ઉપાદાનકારણ પણ બને છે. શ્રીરામાનુજાચાર્ય આ બાબતે શંકરાચાર્યથી અલગ પડે છે. શંકરાચાર્ય સૃષ્ટિ રચનામાં બ્રહ્મનો વિવર્ત થાય છે એમ ઉપાદાનકારણ ગણે છે. આ વિવર્ત બ્રહ્મમાં માયાને કારણે થાય છે. માયાની આવરણ અને વિક્ષેપશક્તિ બ્રહ્મમાં વિવર્ત ઉભો કરે છે. આવરણ શક્તિ પદાર્થના યથાર્થ સ્વરૂપને ઢાંકી દે છે અને વિક્ષેપ શક્તિ પદાર્થના અયથાર્થ સ્વરૂપને વ્યક્ત કરે છે. જેના કારણે પદાર્થ જેવો નથી તેવો ભાસ થાય છે. જેને અધ્યાસ કહે છે. જે વસ્તુ જેવી છે તેવી નહિ પરંતુ, તેનામાં ન હોય તેવા પદાર્થનું એટલે કે અયથાર્થ જ્ઞાન થવું તે અધ્યાસ છે. બ્રહ્મમાં જ માયાની શક્તિના કારણે વિવર્ત થાય છે અને બ્રહ્મ જ જગત રૂપે ભાસે છે. આમ બ્રહ્મ જગતનું ઉપાદાનકારણ બને છે. જગતના ઉપાદાન કારણનું સ્થાપન કરતા શ્રી રામાનુજાચાર્યનાં મતે સુક્ષ્મ ચિદચિત શરીરમાં રહેલ પરમાત્મા કારણ છે અને સ્થૂળ ચિદચિત શરીરમાં રહેલ પરમાત્મા કાર્ય છે. કારણ જ કાર્ય રૂપે પરિણામ પામે છે. બ્રહ્મમાં પરિણામ થતા આ સ્થૂળ પ્રપંનું સર્જન થયું છે. બ્રહ્મનું પરિણામ થતા બ્રહ્મની અવસ્થા બદલાય છે. વેદાંતદીપમાં આ બાબતનું સમર્થન કરતા કહેવાયું છે કે सूक्ष्मचिदचिद्वस्तुशरीरं ब्रह्म कारणवस्थं स्थुलचिदचिद्वस्तु शरीरं ब्रहमैव कार्यावस्थम् | એટલે કે સૃષ્ટિ સર્જન પહેલા સુક્ષ્મ પ્રકૃતિ અને જીવોને ધારણ કરતુ બ્રહ્મ જ્યારે બહુ ભુવન થવાનો સંકલ્પ કરે છે ત્યારે તે સુક્ષ્મ પ્રકૃતિ સ્થૂળ પ્રકૃતિમાં પરિણામે છે. તેમાં જીવ પ્રવેશ કરે છે. આ રીતે સ્થૂળ રીતે રહેલ પ્રપંચનું ઉપાદાનકારણ બ્રહ્મ જ બને છે.

શ્રી રામાનુજાચાર્ય કાર્ય અને કારણ બંનેને સત માને છે. તેથી તેમણે શંકરાચાર્યના ब्रह्मं सत्यं जगन्मिथ्या એ સિદ્ધાંતનું ખંડન કર્યું છે. શ્રી રામાનુજાચાર્ય શંકરાચાર્યના નિર્ગુણબ્રહ્મના મતનું નિરાકરણ કરતાં કહે છે કે બ્રહ્મ નિર્ગુણ હોઈ શકે નહિ. અદ્વૈતવાદ પ્રમાણે સમગ્ર જગત બ્રહ્મનું વિવર્ત છે અને સત્ય નથી. જ્યારે પરબ્રહ્મ નિર્વિશેષ જ્ઞાન સ્વરૂપ છે. બ્રહ્મ સ્વતંત્ર અને સ્વયં પ્રકાશ હોવા છતાં બંધનોથી બંધાયેલો હોય તેમ ભાસે છે. વાસ્તવિક રીતે જીવાત્મા અવિદ્યાને કારણે માયાથી બંધાયેલ બ્રહ્મ જ છે. જ્ઞાન દ્વારા આ અજ્ઞાનનો નાશ થતા જીવાત્મા પોતાનાં સાચા સ્વરૂપને ઓળખે છે અને બ્રહ્મ સ્વરૂપ બની જાય છે. જગતમાં પ્રતિત થતી વિવિધતા અથવા અનેકતા બ્રહ્મની કલ્પના માત્ર છે. પરમાત્મા અને પૂર્ણશરીર એક જ છે. એક માત્ર નિર્વિશેષ જ્ઞાન સ્વરૂપ પરમાત્મા જ સત્ય છે.

રામાનુજાચાર્યે 'વેદાર્થસંગ્રહ' નામના ગ્રંથમાં અદ્વૈતવાદના નિર્વિશેષ, નિર્ગુણ બ્રહ્મ ઐક્યવાળનું વિસ્તારથી ખંડન કર્યું છે. છાંદોગ્યોપનિષદનાં तदैक्षत बाहुस्यां प्रजायेयेति માં સર્વ પ્રપંચની ઉત્પત્તિ બ્રહ્મમાંથી થઈ છે. આ પ્રપંચમાં પ્રવેશીને બ્રહ્મ સત્યરૂપે પ્રતિષ્ઠિત થાય છે. (सन्मूलाः सोम्येमाः सर्वाः प्रजाः सदायतनाः सत्यप्रतिष्ठाः |) આ બધી શ્રુતિઓ દર્શાવે છે કે બ્રહ્મ સર્વજ્ઞ, સર્વશક્તિમાન અને સર્વેશ્વર છે. જગતમાં દેખાતા દરેક પદાર્થમાં તે રહેલ છે. બ્રહ્મ જેવો બીજો કોઈ પદાર્થ નથી. જો બ્રહ્મ ને નિર્વિશેષ, જ્ઞાનસ્વરૂપ માનીએ તો આ શ્રુતિમાં બતાવેલા બ્રહ્માના ગુણોથી વિરોધ ઉભો થાય છે. તેથી નિર્વિશેષ બ્રહ્મ માની શકાય નહિ. વળી, एकमेव विज्ञानेन सर्वं विज्ञातम् શ્રુતિ પણ નિરર્થક થઈ જશે. કારણ કે પરિણામ પામેલા જગતને મિથ્યા માનવામાં આવે તો બીજો કોઈ પદાર્થ જ્ઞેય રહેશ નહિ. સત્ય પદાર્થ અને

મિથ્યા પદાર્થ વચ્ચે ભેદ કરી શકાશે નહિ. एकेनविज्ञातेन सर्वविज्ञानं सर्वस्य मिथ्यात्वे सर्वस्य ज्ञातव्यवस्थाभावान्न सेत्स्यति सत्यमिथ्यात्वयोत्वयोरेकता प्रसक्ति वा - वेदार्तःसंग्रहः

વળી, સત સ્વરૂપ બ્રહ્મમાંથી સર્જાયેલ જગત મિથ્યા કેવી રીતે હોઈ શકે ? જો એમ માનીએ તો કાર્યકારણની ભિન્નતાને કારને અસત્કાર્ય સિદ્ધ થાય જે સર્વથા અયોગ્ય છે. સત એવા કારણમાંથી સત એવું કાર્ય જ ઉત્પન્ન થાય. જો જગતને અસત માની તો બ્રહ્મ ને પણ અસત અર્થાત મિથ્યા માનવું પડે.

ઉપનિષદોમાં જે શ્રુતિઓને અદ્વૈત વેદાંત નિર્ગુણ બ્રહ્મનું પ્રતિપાદન તે ખરેખર નિર્ગુણ બ્રહ્મનું નહિ પરંતુ, સગુણ બ્રહ્મનું પ્રતિપાદન કરે છે. सदेव सौम्येदमग्र आसीत् - छान्दोग्योपनिषद, सत्यं ज्ञानं अनन्तं ब्रह्म - श्वेताश्वतरोपनिषद વગેરે શ્રુતિઓમાં સગુણ બ્રહ્મનું જ પ્રતિપાદન છે. છંદોગ્યોપનિષદનાં વાક્યનો 'अग्र' શબ્દ સૃષ્ટિની ઉત્પત્તિ પહેલા સત હતું તેમ દર્શાવે છે. જે સત એવા બ્રહ્મનું સુચન છે. નામ અને રૂપ વગરનું આ જગત સૃષ્ટિ પહેલા બ્રહ્મમાં સત સ્વરૂપે રહેલું હતું. ત્યારબાદ આ જગત નામ અને રૂપવાળું થયું. एकमेवाद्वितीयम् ઉપનિષદ વાક્યને આધારે સૃષ્ટિની પૂર્વાવસ્થામાં આ જગત અપૃથકસિદ્ધ થઈને બ્રહ્મમાં રહેલું હતું તે જ જગત કાર્યાવસ્થામાં પરિણામ પામ્યું છે. આ બંને અવસ્થામાં બ્રહ્મ તેનું નિયામક છે. વળી, અદ્વિતીય શબ્દનો અર્થ બ્રહ્મથી અન્ય કોઈ તત્વ નથી એવો થાય છે જે અન્ય તત્વનો નિષેધ કરે છે. તેથી આ અદ્વિતીયતા બ્રહ્મનું ગુણ છે. બ્રહ્મની શક્તિ સમાન બીજી કોઈ શક્તિ નથી.

નિર્વિશેષ જ્ઞાન સ્વરૂપ બ્રહ્મનું કલ્ન્દન કરતા શ્રી રામાનુજાચાર્ય કહે છે કે નિર્વિશેષ વસ્તુનું જ્ઞાન થઇ શકે નહિ. પદાર્થનું જ્ઞાન તેમાં રહેલ કોઈ વિશેષ ને કારણે જ થાય છે. સૂક્તિમાં રજતનું જ્ઞાન તેમાં રહેલ રાજત્વ ગુણ ને કારણે થાય છે. ડૉ. રાધાકૃષ્ણન શંકરાચાર્ય અને શ્રી રામાનુજાચાર્યનાં બ્રહ્મના સ્વરૂપને વર્ણવતા લખે છે કે "શંકારાચાર્ય અને શ્રી રામાનુજાચાર્યનું બ્રહ્મ ભિન્ન છે. શંકારાચાર્યનું બ્રહ્મ શૂન્ય તરફ દોરી જાય છે જેને તેઓ નિરર્થક માય દ્વારા છુપાવવાના પ્રયત્નો કરે છે. નિર્ગુણ બ્રહ્મ એ એક એવી શૂન્ય સત્તા છે કે જે આપણને ઓરલેન્ડની તે પ્રસિદ્ધ ઘોડીની યાદ અપાવે છે જે સર્વ પ્રકારે પૂર્ણ હતી પરંતુ, તેમાં એક માત્ર નાનો દોષ હતો કે મૃત હતી". (ભારતીય દર્શન ૧.૧.૧).

सत्यं ज्ञानं आनन्तं ब्रह्म શ્રુતિમાં વપરાયેલા સત્ય, જ્ઞાન અને અનંત એ ગુણો બ્રહ્મના વિશેષ સ્વરૂપનું કથાન કરે છે. શંકારાચાર્ય આ ત્રણે ગુણોને એકાર્થક બતાવીને બ્રહ્મ સાથે આ ત્રણે ગુણોનું ઐક્ય સિદ્ધ કરે છે. પરંતુ, શ્રી રામાનુજાચાર્ય આ ત્રણને બ્રહ્મના વિશેષ ગુણ માને છે. 'સત્ય' દ્વારા બ્રહ્મની અનન્ય સત્તા વર્ણવી છે. જે સમગ્ર પ્રપંચનું સ્વામી છે. 'જ્ઞાન' પરમાત્માનો વિશેષ ગુણ છે અને જ્ઞાન ચેતન પદાર્થમાં રહે છે. વળી, બ્રહ્મ 'અનંત' છે. આ રીતે વિવિધ પદાર્થોમાં રહેલ ઈશ્વર આપણને અનંત સ્વરૂપે પોતાના અસ્તિત્વનો અનુભવ કરાવે છે. શ્રી રામાનુજાચાર્યે સગુણ બ્રહ્મનું પ્રતિપાદન કર્યા પછી સગુણ બ્રહ્મના ઉપાસકો માટે વ્યવસ્થા ગોઠવે છે. ઈશ્વરના પાંચ સ્વરૂપ છે. પર, વ્યૂહ, વિભવ, અંતર્યામી અને અર્ચાવતાર. (ईश्वरस्य स्वरूपं परव्युहविभवान्तर्यामित्वार्चावतारभेदेन पञ्चप्रकारम् - तत्वत्रय) આમાંથી 'પર' સ્વરૂપ પરમ બ્રહ્મ ભગવાન વાસુદેવ છે. જે છ ગુણોથી યુક્ત છે. વ્યૂહના ચાર પ્રકાર છે. વ્યુહ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું નિમિત્ત બને છે. (व्युहोनामसृष्टिस्थितिसंहारार्थम् - तत्वत्रय) વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુધ્ધ એ ચાર પ્રકારે ઈશ્વરના વ્યૂહ થાય છે. પરમાત્મા રામ કૃષ્ણ વગેરે અવતારો ધારણ કટે છે તે વિભવ કહેવાય છે. જીવાત્મામાં રહેલ પરમાત્મા અંતર્યામી છે. જે જીવાત્માનું નિયમન કરે છે. બૃહદારણ્યક ઉપનિષદમાં કહ્યું છે કે જે આત્મામાં પ્રવેશીને આત્માનું નિયમન કરે છે તે પરમાત્મા છે. ભગવાન અર્ચાવાતાર રૂપે શરીર ધારણ કરીને ભક્તોની ભાવનાનુસાર સહાય કરે છે. અને મંદિરોમાં મૂર્તિ સ્વરૂપે પ્રતિષ્ઠિત થાય છે.

આમ, શ્રી રામાનુજાચાર્યનાં મતે સગુણ બ્રહ્મ જ આ સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપીને રહેલ છે. શ્રી રામાનુજાચાર્યે શંકારાચાર્યનાં બ્રહ્મની સમક્ષ સગુણ બ્રહ્મમુકીને ભારતીય જનમાનસમાં એક નવી ક્રાંતિ લાવી દીધી. જે આગળ જતા ભક્તિ આંદોલન તરીકે વિકાસ પામી. શ્રી રામાનુજાચાર્ય માત્ર જ્ઞાન જ નહિ પરંતુ ઉપાસના અને કર્મો દ્વારા પણ આત્મકલ્યાણ સિદ્ધ થાય છે એમ પ્રતિપાદન કરે છે. જ્ઞાનકર્મસમુચ્ચયવાળનું સ્થાપન કરે છે. સાચા અર્થમાં કહીએ તો શંકારાચાર્ય અને શ્રી રામાનુજાચાર્યનું તત્વજ્ઞાન ભેગા મળીને એક ચોક્કસ ધર્મનાં સ્વરૂપમાં પરિણામે છે. ડૉ. રાધાકૃષ્ણનનાં શબ્દોમાં કહીએ તો "શંકરાચાર્યના તત્વજ્ઞાનમાં જે ખૂટતું હતું તે શ્રી રામાનુજાચાર્યે પૂરું કર્યું. શ્રીરામાનુજાચાર્યે ભારતીય જનમાનસમાંથી ખોવાઈ ગયેલો આત્મા પાછો આપ્યો.

**સંદર્ભ ગ્રંથ**

૧. શ્રી ભાષ્ય - સં. આનંદશંકર બાપુજી ધ્રુવ, પ્ર. સંસ્કૃત સાહિત્ય અકાદમી.
૨. श्रीभाष्य श्रुतप्रकाशिका युतम् સં. ટી. શ્રીનિવાસ શર્મા , પ્ર. ભારતીય વિદ્યા પ્રકાશન - દિલ્હી.
૩. इशादिदशोपनिषद (शाङ्करभाष्य सहितम्) પ્ર. મોતીલાલ બનારસીદાસ, વારાણસી
૪. वेदान्तदीपः -આચાર્ય ભટ્ટનાથ સ્વામી.
૫. भारतीय दर्शनोकी रूपरेखा હિરીયન્ના, અનુ. ડૉ. ગોવર્ધન ભટ્ટ, રાજકમલ પ્રકાશન.
૬. वेदार्थसंग्रहः જે.બી.વાન બ્યુટેનન.
૭. भारतीय दर्शनो ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન.
૮. भारतीय दर्शनका इतिहास એસ. એન. દાસગુપ્તા, અનુ. એ. યુ. વસાવડા.
૯. भारतीय दर्शनका इतिहास જયદેવ વેદાલંકાર.
૧૦. सर्वदर्शनसंग्रहः માધવાચાર્ય- પ્રો. ઉમાશાન્કાર શર્મા, પ્ર. ચૌખામ્બા પ્રકાશન.
૧૧. વૈષ્ણવ ધર્મનો સંક્ષિપ્ત ઈતિહાસ સં. દિ. કે. શાસ્ત્રી.